ગાંધીનગર સમાચાર

તા. ૨૯-૬-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### આગાહીઓનો આધાર અધકચરો હોય છે

દેશી લોકો અવારનવાર અમુક સમાધાનકારી ઉક્તિઓ ઉચ્ચારતા રહે છે. કંઈ પણ અણધાર્યું બને ત્યારે કહેશે : 'ધાર્યું તો ધણીનું થાય.' ઓચિંતી કોઈ અપ્રિય ઘટના બનશે ત્યારે કહેશો : 'કુદરત આગળ કોઈનું ડહાપણ ચાલતું નથી.' આ 'ધણી' કે 'કુદરત' એ જનસાધારણને મન ઈશ્વર કે પરમાત્માના પર્યાયવાચી શબ્દો છે. વિજ્ઞાન પ્રકૃતિને સ્વીકારે છે. પરમાત્માના અસ્તિત્વ વિશે એ શંકાશીલ છે. 'કુદરત' એ વિજ્ઞાન માટે 'પ્રકૃતિ'નો પર્યાય છે. દેશમાં ચોમાસું કેવું રહેશે એની આગોતરી આગાહીઓ વિવિધ સ્તરે થતી રહે છે. ગામડાંમાં નવા વરસની સાંજે ગામગુરુ સાર પત્રિકા વાંચી છે. આ વર્ષે વરસાદનું વાહન દેડકો છે કે ઉંદર તે દર્શાવે છે. બળેવના બળેવિયા ફોડીને પણ આગામી વરસ કેવું જશે એની આગાહી કરાતી હોય છે. 'વરસ'નો અર્થ 'ચોમાસું' જ સમજવાનો હોય છે. ચોમાસાના ચાર મહિના ઉપર વરસના બાર મહિનાનું ભાવિ તોળાયેલું રહે છે. જો ચોમાસું નબળું ગયું તો પ્રજાજીવન પર આફતનાં વાદળ ઘેરાવા લાગે છે. મૂળમાં હજી એકવીસમી સદીના બીજા દાયકામાં પણ આપણો દેશ ખેતીપ્રધાન મુલક જ રહ્યો છે. શહેરોમાં વૈભવ ગામડાં પર નભે છે. ખેડૂત પરસેવો સીંચીને અનાજ પકવે છે તેના પર બાકીની પ્રજા તાગડધિન્ના કરતી હોય છે. ચોમાસું નબળું રહે તો અત્ર-તત્ર-સર્વત્ર અવિશ્વાસનું વાતાવરણ પ્રવર્તે છે. ચોરી, લૂંટફાંટ શરુ થઈ જાય છે. સુભાષિતકાર કહે છે : ભૂખ્યો માણસ શું ન કરે? એનામાં કરૂણા જેવી લાગણી જ નથી બચતી. ભૂખી સાપણ એનાં બચ્ચાંનો કોળિયો કરી દે છે. હવે વિજ્ઞાન વહારે ધાયું છે એટલે છપ્પનિયા જેવા લાગલગાટ સાત દુકાળ પડે છતાં, દેશમાં કૃષિમંત્રીએ આજે પણ આશ્વાસન આપવું પડે છે કે વાંધો નહીં, ઓછો વરસાદ પડશે તો પણ આપણને અનાજ પાણીની તકલીફ નથી પડવાની. પહોંચી વળાશે. વિજ્ઞાનમંત્રીએ થોડા વખત પહેલાં ધાર્યા કરતાં નબળું મોનસૂન આવી રહ્યું હોવાની આકોતરી પાઠવેલી. એમણે પત્રકાર પરિષદ ભરીને ૮૮ ટકા વરસાદનું અનુમાન દર્શાવ્યું હતું. ગ્લોબલ વોર્મિંગ અને 'અલનીનો' ના પ્રભાવ હેઠળ ધાર્યા મુજબનું સારું ચોમાસું નહીં રહે એવી આગાહી ધરાર ખોટી સાબિત થઈ છે. ઉલટાનું ચોમાસું દરેક જગ્યાએ વેળાસર બલકે થોડું વહેલું પધાર્યું છે અને પહેલાં જ તબક્કામાં વરસાદે કાશ્મીરથી ગુજરાત સુધી તંત્રને ઊંઘતું ઝડપી લીધું છે. મોસમનો દસથી વીસ ટકા જેટલો વરસાદ પહેલા જ તબક્કે વરસી જતાં ડેમો છલકાઈ ગયા છે. ખાસ્સી જાનહાનિ અને માલહાનિ થઈ છે. અમદાવાદ સહિતના શહેરોને વરસાદના આક્રમક મિજાજનો અનુભવ થઈ ગયો છે. તંત્રની પોલ ખૂલી ગઈ છે. એક જ દિવસમાં ધોધમાર વરસીને પાછો વરાસદ હાથતાળી ગઈ દયો. તંત્રવાહકોએ શાળા-કૉલેજો બંધ રખાવી હતી, ઘરબહાર નહીં નીકળવાની તાકીદ કરી હતી. વરસાદે બધાને ઉલ્લું બનાવી દીધા. વરસાદ વિશેની જાણીતી કહેવત 'વહુ' સાથે સંકળાયેલી છે. વહુ અને વરસાદને જશ નહીં! પણ હવે વહુ સાસુનાં કહ્યામાં રહે તે વાતમાં માલ નથી.

## સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના રાયફલ ટ્રેનિંગ કોર્સમાં ગાંધીનગરના યુવાનો ઝળક્યા

### પ્રથમ જ બેચમાં નગરના ૬ માંથી ૨ તાલીમાર્થીઓ પ્રથમ પાંચમાં : ગજેન્દ્રસિંહ બારડે પ્રથમ અને તિર્થરાજસિંહ જાડેજાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું : અન્ય ૪ તાલીમાર્થીઓ પણ ફર્સ્ટક્લાસ સાથે ઉત્તીર્ણ

ગાંધીનગર, તા. ૨૮

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના રાયફલ ટ્રેનિંગ સર્ટિફિકેટ કોર્સની પ્રથમ બેચમાં ગાંધીનગરના ૬ યુવાનોએ ડંકો વગાડ્યો છે. ગાંધીનગરના ગજેન્દ્રસિંહ બારડે ડિસ્ટીંકશન માર્કસ સાથે પ્રથમ સ્થાન અને તિર્થરાજસિંહ જાડેજાએ તૃતીય સ્થાન હાંસલ કર્યું છે. જ્યારે અન્ય ૪ તાલીમાર્થીઓએ પણ ફર્સ્ટક્લાસ પ્રાપ્ત કરી નગરનું નામ રોશન કર્યું છે.

ગુજરાત સરકાર દ્વારા રમતગમતને પ્રોત્સાહન આપી રાજ્યમાં વિવિધ રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર થાય તે હેતુથી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ચાલુ કરવામાં આવી છે. આ યુનિવર્સિટીમાં વિવિધ રમતોને લગતા સર્ટિફિકેટ કોર્સ, એડવાન્સ કોર્સ અને ડિપ્લોમાં કોર્સ વગેરેનો પ્રારંભ કરાયો છે. જૂન-૨૦૧૪માં રાયફલ ટ્રેનિંગનો સૌપ્રથમ કોર્સ પ્રારંભ કરાયો હતો. જેમાં ગાંધીનગરના ૬ યુવાનોએ પ્રવેશ મેળવ્યો હતો. ૬ માસના કોર્સમાં સઘન તાલીમના અંતે યુનિવર્સિટીની પરીક્ષા યોજાઈ હતી.

સમગ્ર રાજ્યમાંથી આ કોર્સમાં પ્રવેશ લીધેલા તમામ તાલીમાર્થીઓમાં ગાંધીનગરના ગજેન્દ્રસિંહ તિર્થરાજસિંહ જાડેજાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે નગરના અન્ય ૪ યુવાનોએ પણ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા પરીક્ષામાં ફર્સ્ટક્લાસમાં ઉત્તીર્ણ થયા છે. રાજ્ય કક્ષાએ પ્રથમ અને તૃતીય સ્થાન મેળવનારા બંનો તાલીમાર્થીઓએ ડિસ્ટીંકશન માર્કસ મેળવ્યા છે.

ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનારા ૪ તાલીમાર્થીઓમાં મનહરસિંહ ઝાલા, જય મહેતા, વિશાલ પરમાર અને જીગ્નેશ સોનીનો સમાવેશ થાય છે. કોર્સ દરમ્યાન તમામ તાલીમાર્થીઓને રાયફલ ટ્રેનિંગ અમદાવાદના ખાનપુર ખાતે રાયફલ ક્લબમાં આપવામાં આવી હતી. જ્યારે થીયરીકલ અભ્યાસ ગાંધીનગરના સે. ૧૫ ખાતે સ્વર્ણિમ ગુજરાત યુનિવર્સિટીના તાલીમ કેન્દ્ર પર આપવામાં આવી હતી. પ્રથમ બેચથી જ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં ગાંધીનગર શહેરના તાલીમાર્થીઓ ઝળકતા શહેરના યુવાનોને વિવિધ સ્પોર્ટ્સની તાલીમ માટે વધુ પ્રોત્સાહન પ્રાપ્ત થશે તેવી આશા સેવાઈ રહી છે.



## એલએલબી અને એલએલએમ પ્રવેશ પ્રક્રિયા ૧ જુલાઈથી શરૂ

ગાંધીનગર, તા. ૨૮

એલ.એલ.બી. અને એલ.એલ.એમ.ના પ્રથમ સત્રમાં પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી ૧ થી ૪ જુલાઈ દરમિયાન ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. યુનિવર્સિટી વેબ સાઈટ પર તમામ માહિતી મળી શકશે. સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે યુનિવર્સિટી માન્ય ડિપ્લોમાં ઈન ટેક્ષેશન લૉ અને ડિપ્લોમાં ઈન લેબર લૉ એક વર્ષનો પી.જી. ડિપ્લોમામાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે.

## ગાંધી મિત્ર વર્તુળના સભ્યો સર્વોદય મંડળની બેઠકમાં હાજર રહ્યા

ગાંધીનગર, તા.૨૮

મહેસાણા, પાટણ અને ગાંધીનગર સર્વોદય મંડળની માસિક બેઠક વિસનગર સ્થિત જયોતિ હોસ્પિટલ ખાતે યોજાઈ હતી જેમાં ગાંધીનગર મિત્ર વર્તુળના સાત સભ્યોએ ઉપસ્થિત રહી બેઠકમાં ભાગ લીધો હતો. બેઠકમાં ભાનુભાઈ પુરાણી, અમૃતભાઈ ત્રિવેદી, સોમભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, ચંદ્રકાન્ત ધનેશ્વર, મુકુંદભાઈ જોશી અને સુમંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા તેમજ વિવિધ ચર્ચામાં ભાગ લીધો હતો.

## મસ્ત ધ્યાનયોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર દ્વારા દસ દિવસીય નિઃશુલ્ક ધ્યાનયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ થી ૧૦ જુલાઈ દરમિયાન સવારે ૭.૦૦ વાગે સેક્ટર-૧ ગાયત્રી મંદિર ખાતે શિબિર યોજાશે. જેમાં યોગાસન, પ્રાણાયમ, તણાવ, શ્વસન સહિતની ક્રિયાઓ કરવામાં આવશે.

## આજે બાળકવિ સંમેલનમાં મુખ્યમંત્રી શ્રોતા બનશે

### શ્રીમતી આનંદીબહેનની પ્રેરણાથી અમદાવાદમાં રાજ્યસ્તરીય બાળકવિ સંમેલન

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ સોમવારે ૨૯ જૂન-૨૦૧૫ના રોજ અમદાવાદના ટાગોર હોલમાં બાળકવિ સંમેલનમાં શ્રોતા બનીને રાજ્યની બાળકવિ પ્રતિભાઓની રચનાઓ સાંભળી તેમને પ્રોત્સાહિત કરશે.

શ્રીમતી આનંદીબહેને ગાંધીનિર્વાણ દિને રાજ્યવ્યાપી બાળચિત્ર સ્પર્ધાના કરેલા આયોજનને મળેલી અપ્રતિમ સફળતાની પરિપાટીએ બાળકોની સર્જનાત્મક શક્તિને નવો નિખાર આપવા બાળકવિ સંમેલન યોજવાની મનસા જતાવી હતી.

મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી પ્રાથમિક શિક્ષણ નિયામક અને શિક્ષણ વિભાગે સોમવારે તા. ૨૯ જૂન-૨૦૧૫ના સાંજે ૫.૩૦ કલાકે ટાગોર હોલમાં રાજ્યસ્તરીય બાળકવિ સંમેલનનું આયોજન કર્યું છે.

## કડી વિશ્વ વિદ્યાલય આજે સ્ટેટીસ્ટીક દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને અર્થશાસ્ત્ર તેમજ આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીના સંયુક્ત ઉપક્રમે આજે સોમવારે ઓડિટોરીયમ હોલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે સવારે ૯.૩૦ થી સાંજના ૫.૩૦ દરમિયાન સ્ટેટીસ્ટીક દિવસની ઉજવણી કરવામાં આવશે. આ નવમાં સ્ટેટીસ્ટીક દિવસની થીમ સોશીયલ ડેવલોપમેન્ટ અંગેની છે. જેમાં વિવિધ વિષય નિષ્ણાતો, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એમ.કોમ.ના વિદ્યાર્થીઓ તથા આયોજન વિભાગના અધિકારીઓ દ્વારા સોશ્યલ ડેવલોપમેન્ટને લગતા સ્ટેટીસ્ટીક જેવા કે આરોગ્ય, શિક્ષણ, ગરીબી, રોજગાર, મકાન અને પર્યાવરણને લગતી બાબતોનું પ્રેઝન્ટેશન અને ચર્ચા વિચારણા કરશે. દર વર્ષે નિયમિતપણે દેશના આંકડાશાસ્ત્રીય પ્રો. પી.સી. મહાલનો બિસના જન્મદિન નિમિત્તે આ સ્ટેટીસ્ટીક ડિવસનું આયોજન કરવામાં આવે છે.

## આજે બોપલ-ઘુમા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રનું પ્રજાર્પણ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સોમવાર તા. ૨૯ જૂન-૨૦૧૫ના રોજ સાંજે ૭.૩૦ કલાકે અમદાવાદ જિલ્લાના બોપલ-ઘુમા ખાતે રૂ. ૩ કરોડ ૫૩ લાખના ખર્ચે નવનિર્મિત અને ૩૦ પથારીની સહુલિયત ધરાવતા સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે.

રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ નવા સી.એચ.સી.ના પ્રજાર્પણ અવસરે આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તેમજ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહેવાના છે.

આ સામુહિક આરોગ્ય કેન્દ્રની આરોગ્ય સેવાઓ દસક્રોઈ તાલુકાના પાંચ ગામોના ગ્રામજનોને મળતો થશે.

## જેઈઈ સંયુક્ત કાઉન્સિલિંગ આજથી વિધિવત શરૂ થશે

અમદાવાદ, તા.૨૮

જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરીટી (જેશા) દ્વારા આવતીકાલથી દેશની ૨૦ આઈઆઈટી, ૧૦ આઈઆઈઆઈટી, ૩૨ એનઆઈટી અને ૧૮ અન્ય કેન્દ્રીય એન્જિન્યરીંગ કોલેજોની અંદાજે ૩૪ હજાર બેઠકો ઉપર પ્રવેશ માટે કાઉન્સલીંનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પહેલા ૨૫ જુનના રોજ કાઉન્સલીંગની પ્રક્રિયા હાથ ધરવાનું નક્કી કરાયુ હતું જો કે દેશના કેટલાક શિક્ષણ બોર્ડ દ્વારા પોતાનું પરીણામ જેસાને મોકલી અપાયુ ન હતું તેમજ ૨૪ જુનનાં રોજ જાહેર થનાર જેઈઈ-એડવાન્સની અખિલ ભારતીય રેન્ક પણ જાહેર કરવામાં આવી ન હતી. જેના કારણે આ કાઉન્સલીંગ હવે આવતીકાલે હાથ ધરાશે.

જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરીટી દ્વારા જાહેર કરનામાં આવેલ કાર્યક્રમ મુજબ કાઉન્સલીંગની આ પ્રક્રિયા ત્રણ જુલાઈ સુધી ચાલશે. જેમાં જેઈઈ-એડવાન્સની પરીક્ષામાં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓ પોતાની ચોઈસ લોક કરાવી શકશે. આઈઆઈટી, આઈએસએમ ધનબાદ, આઈઆઈઆઈટી અને કેન્દ્રીય ઈજનેર કોલેજો માટે હાથ ધરવામાં આવનાર આ કાઉન્સિલ વિદ્યાર્થીઓ આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે. કાઉન્સલીંગમાં એક સપ્તાહનો વિલમ થતા વિદ્યાર્થીઓમાં નારાજગી પમ જોવા મળી રહી છે. જો કે હવે આવતીકાલથી હાથ ધરવામાં આવનાર કાઉન્સલીંગ ને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જેઈઈ-એડવાન્સ અને વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં મુખ્ય વિષયોમાં મેળવેલ માર્કનાં આધારે સીબીએસઈ દ્વારા વિદ્યાર્થીઓના નેશનલ રેન્ક સાથેની યાદી જાહેર કરવામાં આવે છે. જેમાં જેઈઈ-એડવાન્સનાં ૪૦ ટકા અને બોર્ડની પરીક્ષાના ૬૦ ટકાની ગણતરી કરવામાં આવે છે અને આ રેન્કનાં આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. નોંધપાત્ર છે કે જેઈઈ-એડવાન્સની પરીક્ષામાં દેશભરમાંથી ૨૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા હતા. જેઓ આ કાઉન્સલીંગની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

## એમએસસી-એમકોમ માટે પ્રવેશ ફોર્મનું આજથી વિતરણ થશે

### પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થી ત્રીજી જુલાઈ સુધી પ્રવેશ ફોર્મ મેળવીને વેબસાઇટ ઉપર રજિસ્ટ્રેશન કરાવી શકશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમએસસી-એમકોમ વિદ્યાશાખાની બેઠકો ભરવા માટે આવતીકાલથી પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ આગામી સુધીમાં પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા છઠ્ઠી જુલાઈએ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાથધરવામાં આવેલ બીએસસી, બીકોમ, બીબીએ, બીસીએ સહીતનાં નેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયા અત્યારે અંતિમ તબક્કામાં છે. ત્યારે હવે ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમએસસી-એમકોમ જેવા માસ્ટર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રક્રિયા હાથધરવામાં આવી છે. જે અંતર્ગત એમએસસીની ૧૨૦૦ અને એમકોમની ૩૦૦૦ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથધરવામાં આવશે.

આ એમએસસી-એમકોમ વિદ્યાશાખાની બેઠકો ભરવા માટે આવતીકાલથી પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ આગામી ત્રણ જુલાઈ સુધીમાં પ્રવેશ ફોર્મ મેળવીને ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. ત્યાર બાદ તારીખ ૪ જુલાઈનાં રોજ વિદ્યાર્થીના દસ્તાવેજોની ચકાસણીની પ્રક્રિયા હાથધરવામાં આવશે. ત્યાર બાદ ૬ જુલાઈએ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર થશે અને ૮મીએ ફાઈનલ મેરિટ યાદી જાહેર કરાશે તેમજ આગામી ૭થી ૧૧ સુધી વિદ્યાર્થીઓએ ફી ભરીને પ્રવેશ મેળવી રહેવાનો રહેશે.

## એસ.જી. પ્રાથમિક શાળાના બાળકોએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૧ના બાળકોને આજે સવારે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. નાના નાના ભૂલકાઓએ ઈન્દ્રોડા પાર્કમાં વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓ તેમજ જાદુઈ અરીસા જોયા હતા અને ખુશીથી ઉજાણી કરી હતી. દરેક બાળકની માતાએ પણ હરણોધ્યાનમાં સાથે આવી ઉજાણી મનાવી હતી. શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧ના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને સાથે માતાઓને આજે સવારે ગાંધીનગરના જાણીતા પ્રકૃતિ ઉદ્યાન એવા ઈન્દ્રોડા પાર્કમાં લઈ જવામાં આવ્યા હતા. અહીં બાળકોએ ડાયનાસોર, વિવિધ પશુઓ જેવા કે વાઘ, સિંહ, હરણ, સાબર, શિયાળ, વિવિધ પક્ષીઓ જેવા કે પોપટ, ચકલીઓ, બતક, હંસ તથા વિવિધ સાપ અને કાચબા, મગર જોયા હતા. નાના-નાના બાળકોએ આજે આનંદપૂર્વક સમગ્ર હરણોદ્યાનની મુલાકાત મેળવી હતી. અલગ અલગ રંગના અને સુંદર અવાજ કરતાં પક્ષીઓ જોઈને બાળકો ગેલમાં આવી ગયા હતા. શાળાના શિક્ષકોએ તથા વાલીઓએ સાથે મળી સમગ્ર મુલાકાતને યાદગાર બનાવી હતી.

## બોન્ડેડ લેબર સીસ્ટમ એબોલીશન એક્ટ ૧૯૭૬નો હેતુ એ સમાજના આર્થિક રીતે નબળા અને ગરીબ લોકોનું શોષણ અટકાવવાનો છે

આપણે આ કોલમમાં વિવિધ કાયદાઓ અંગે જાણકારી મેળવી રહયા છીએ. ખાસ કરીને શ્રમિક મહિલાઓના સંદર્ભમાં આપણે ગત અંકમાં ચર્ચા કરી રહ્યાં હતા. શ્રમિક મહિલઓના સંદર્ભમાં આપણે માઈન્સ એક્ટ, ફેક્ટરીઝ એક્ટ, મેટરનીટી બેનીફીટ એક્ટ, એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ, ઈકવલ રેમ્યુનરેશન એક્ટ વગેરે કાયદાઓની જાણકારી મેળવી. ખાસ કરીને સ્ત્રી અને પુરુષને એકસરખા કામ માટે એકસરખું વેતન મળવું જોઈએ તે બાબતે આપણે ચર્ચા કરી રહયા હતા. આ સંદર્ભમાં આગળ જાણકારી મેળવીએ તો,

એકસરખું કામ, એકસરખું વેતન એ બંધારણીય આદેશ છે અને સામાજિક ન્યાયના સંદર્ભમાં આ જોગવાઈ કરવામાં આવી છે. ભારતીય બંધારણના આર્ટિકલ ૧૪ સંદર્ભે આપણે અગાઉ ચર્ચા કરી છે પરંતુ કાયદાનું સમાન રક્ષણ અને કાયદા સમક્ષની સમાનતા એ બાબત સૌથી મહત્ત્વની છે. કોઈપણ નાગરિક તે ગરીબ હોય, તે પછાત વર્ગનો હોય કે તે અભણ હોય તે બાબતને કારણે શોષણ ન થાય એ જોવાની રાજયની ફરજ છે અને એના સંદર્ભમાં જ સ્ત્રી અને પુરુષ જો એકસરખું કામ કરતા હોય તેના બદલમાં મળતું નાણાકિય વળતર ઓછું વધતું ન હોઈ શકે તેવો સિદ્ધાંત કાયદાના મૂળમાં રહેલો છે તેવું પ્રથમ દ્રષ્ટિએ લાગે છે.

આપણે એ પણ જોયું કે આ સંદર્ભે કમિટીની રચના કરવામાં આવે અને કેટલીકવાર કંપની અને સ્ટાફ વચ્ચે સેટલમેન્ટ પણ નક્કી થતા હોય છે. આવા નક્કી થયેલા સેટલમેન્ટમાં પણ કોઈને સ્ત્રી અને પુરુષ વચ્ચેની અસમાનતા લાગે તો તેને પણ કોર્ટમાં ચેલેન્જ કરવામાં આવે છે. આ સંદર્ભમાં મેકીનોન મેકીન્ઝી એન્ડ કંપની લી. વિરુદ્ધ ઓડ્રે ડી કોસ્ટાનો ચુકાદો જાણીતો છે. આ ચુકાદામાં કંપની અને તેના સ્ટાફ વચ્ચે એક સેટલમેન્ટ નક્કી થયેલ. આ સેટલમેન્ટની રૂએ સ્ત્રીઓને એમ લાગેલ કે પુરુષ કામદારો અને સ્ત્રી કામદારોનો કામનો પ્રકાર એક જ હોવા છતાં સ્ત્રીઓને ઓછું વેતન અને પુરુષોને વધારે વેતન મળતું. અદાલતે ખાસ નોંધ લીધેલ છે સ્ત્રી અને પુરુષ સમાન કામ કરે છે કે નહીં તે બાબત જ અગત્યની છે. જો માલિક દેખીતો તફાવત ઉભો કરે તો કામનો ઉભો થયેલો તફાવત વ્યાજબી છે કે કેમ એ પણ જોવું જોઈએ. હવે આપણે બોન્ડેડ લેબર સીસ્ટમ એબોલીશન એક્ટ ૧૯૭૬ની માહિતી મેળવીએ.




બોન્ડેડ લેબર સીસ્ટમ એબોલીશન એક્ટ ૧૯૭૬નો હેતુ એ સમાજના આર્થિક રીતે નબળા અને ગરીબ લોકોનું શોષણ અટકાવવાનો છે. આપણે જાણીએ છીએ કે ઘણાં વર્ષો પહેલાં વ્યકિતઓને બાંધીને સાગર પાર લઈ જવાતી હોય કે પકડાયેલા માણસોને એક ગુલામ તરીકે કામ કરાવાતું હોય એટલું જ નહીં માનવતાને કોરાણે મુકીને એક માનવી સાથે અસહય, અમાનવીય વર્તન થતું હોય તેવી અનેક ભૂતકાળની બાબતો જાણીએ છીએ એટલું જ નહીં આવી બાબતો ઉપરથી અનેક પિકચરો પણ બન્યા. આમ જોવો તો ચલચિત્રોએ પણ સમાજના આંતર પ્રવાહોનો પ્રતિબિંબ છે અને તે રીતે એક માનવીને મજૂરીએ રાખવો એ એક બાબત છે. પરંતુ મજૂરી એ 'વેઠ પ્રથા' ની જેમ કરાવવી તે બીજી બાબત છે.

વિશ્વભરમાં થતી અનેક ઘટનાઓના સંદર્ભમાં વિશ્વના દેશો પણ એકત્રિત થઈને તે સંદર્ભે વિચારવિમર્શ કરે છે. જેમ મહિલાઓના બાબતમાં અનેક કન્વેન્શનો થયા છે તેમ બાળકોના સંદર્ભમાં પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્થળે અનેક પ્રકારનો કન્વેન્શનો યોજાયા છે. માનવ અધિકારના સંદર્ભમાં પણ એક વૈશ્વિક ચળવળ ચાલુ રહી છે તેવી જ રીતે વેઠ પ્રથા સંદર્ભમાં પણ જો માહિતી મેળવીએ તો,

૧૯૨૬ માં સ્લેવરી કન્વેન્શન, ૧૯૩૦ માં ફોર્સ્ડ લેબર કન્વેન્શનના સંદર્ભમાં બ્રિટીશ પાર્લામેન્ટે તેના સામ્રાજયમાંથી વેઠ પ્રથા બંધ કરાવી. એથી આગળ જોઈએ તો ૧૯૪૯ માં યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશનના હ્યુમન રાઈટ કન્વેન્શનથી પણ વિશ્વભરમાં વેઠ પ્રથા વિરુદ્ધનો એક શુર ઉભો થયો. આપણા ભારત દેશના સંદર્ભમાં જોઈએ તો, બ્રિટીશ હકુમત દરમિયાન પકડાયેલા કેદીઓ પાસે જે વેઠીયાગીરી કરાવાતી હતી તેની વિરુદ્ધ પણ સમાજનો એક આખો વર્ગ ગંભીર રીતે વિચારણા કરી રહયો હતો. આપણા દેશમાં આઝાદી પ્રાપ્ત થતા ભારતીય બંધારણ અસ્તિત્વમાં આવ્યું. ભારતીય બંધારણના આર્ટિકલ-૨૩ માં વેઠપ્રથા સંપૂર્ણ રીતે નાબૂદ કરવાની જોગવાઈ કરવામાં આવી. આવી બંધારણીય જોગવાઈ હોવા છતાં જે તે સમયે એવું લાગતું હતું કે શ્રમિકોનું શોષણ થઈ રહયું છે અને એક માન્યતા એવી પણ હતી કે પ્રજાના વેપાર ધંધાના કામમાં સરકારની દખલગીરી બહુ પસંદ ન હતી. હમણાં જ મારે લંડનના પ્રવાસે જવાનું થયું ત્યારે મીડ વે ઉપર ખાસ કરીને ટ્રક ડ્રાઈવરો માટે અલાયદી અને વિશેષ વ્યવસ્થા જોવા મળી. ટ્રકના પાર્કીંગની, ટ્રક ડ્રાઈવરને સુવાની અને આવી વિશેષ પ્રકારની સુવિધા જોઈને સ્થાનિક વ્યક્તિ સાથે વાત કરતા ખબર પડી કે ત્યાં હાઈવે ઉપર ભારે વાહન ચલાવનાર વાહનને આઠ કલાકથી વધારે વાહન ચલાવાનું નથી. આઠ કલાક ડ્રાઈવીંગના પુરા થાય ત્યારે તેવો માટેની ખાસ સુવિધા મીડ વે ઉપર કરવામાં આવેલ છે.

આપણા દેશમાં આપણે હાઈવે ઉપર જોઈએ છીએ કે અમુક ખાસ ભારે વાહન અને તેમના ચાલકો વિરામ લેતા હોય છે. પરંતુ આઠ જ કલાક ડ્રાઈવીંગ કરવાનું અને તેનાથી વધારે નહીં જ ડ્રાઈવીંગ કરવાનું તેવી બાબત વ્યવહારિક રીતે અમલમાં છે કે કેમ તે વિચારણા માંગી લે છે. બીજો એક કિસ્સો યાદ કરુ તો બાળમજૂરી ઉપર લગામ છે. પરંતુ તે સંદર્ભમાં પણ વ્યાપક ચર્ચા ચાલુ છે. ઘરકામ કરવા જતી સ્ત્રી તેણીની બાળકી સતત કામ કરે જ છે. કયાંક ગરીબી આના મૂળમાં જોવા મળે છે અને તેથી જ અનેક વિવિધ પ્રકારની યોજનાઓ રાજય અને કેન્દ્ર જાહેર કરે છે. ફરીથી મૂળ વાત પર આવીએ તો ભારતીય બંધારણમાં સ્પષ્ટ રીતે જોગવાઈ હોવા છતાં શ્રમિક આગેવાનો, ક્રિયાશીલ આગેવાનો, મજૂર સંઘો અને મજૂર સંઘના વડાઓને એવું લાગ્યું કે બંધારણીય જોગવાઈ હોવા છતાં શ્રમિકોનું શોષણ થઈ રહયું છે અને આ બાબતને લઈને ૧૯૭૬ માં બોન્ડેડ લેબર સીસ્ટમ એબોલીશન એકટ અસ્તીત્વમાં આવ્યો.

અદાલતે આપેલા તારણોમાં એવું લાગે છે કે ખરેખર જે લોકો વેઠ કરતા હોય છે તેઓને ખ્યાલ જ હોતો નથી કે વેઠ કરાવવી એ ગુનો છે. અનેક પ્રકારના ઉદ્યોગો એવા છે કે જેમાં બહુ સ્વાભાવિક રીતે મજૂરી થતી હોય તે વેઠપ્રથા જેવી લાગે છે.

વેઠ પ્રથા નાબૂદી માટેના કાયદા તથા એ કાયદાનો હેતુ તેમજ અદાલતી ચુકાદાઓ સાથે મળીએ આવતા અંકે...